**<u>સ્પે. દિ. મુ. નં.૨૬૭/૨૦૧૧</u>**

## -:: <u>આંક-૧૧૨ અન્વયે હુકમ</u> ::-

આ કામના પ્રતિવાદીઓનાં વિધ્વાન વકિલશ્રીએ હાલની અરજી રજુ રાખી તેમાં જણાવેલ હકિકતોનાં અનુસંધાને મુખ્યત્વે એટલી જ રજુઆત કરેલ છે કે, આ કામના વાદી તા.૦૫/૧૦/૨૦૨૦ નાં રોજ ગુજરી ગયા બાદ તેઓના વારસોને સમય મર્યાદામાં જોડેલા ન હોય, જેથી હાલનો દાવો ડીસમીસ કરવા વિનંતી કરેલ છે.

રેકર્ડ વંચાણે લેતાં વાદીનાં વિધ્વાન વકિલશ્રીએ તા.૦૧/૦૪/૨૦૨૧ નાં રોજ આંક-૧૦૮ વાળી પુરશીસની સાથે આ કામનાં વાદી માધુરીબહેન આકાશભાઈ પરમારનો મરણનો દાખલો રજુ રાખેલ છે અને તેનાં અનુસંધાને વાદીનું તા.૦૫/૧૦/૨૦૨૦ નાં રોજ મરણ થયેલ હોવાનુ જાહેર કરેલ છે. આ હકિકતનાં અનુસંધાને લીમીટેશન એકટનાં આર્ટીકલ-૧૨૦ અન્વયે આ કામના વાદી તા.૦૫/૧૦/૨૦૨૦ નાં રોજ મરણ ગયેલ હોય, તે તારીખથી ૯૦ દિવસની સમય મર્યાદામાં હાલના દાવાનાં કામે તેઓના વારસોને જોડવાના રહે છે, પરંતુ વાદીનાં વારસો સદરહુ સમય મર્યાદા દરમ્યાન અદાલતમાં હાજર રહી આ સંદર્ભે કોઈ જ કાર્યવાહી કરેલ નથી, જે સમય મર્યાદા તા.૦૫/૦૧/૨૦૨૧ નાં રોજ પુર્ણ થાય છે. જેથી તા.૦૫/૦૧/૨૦૨૧ તારીખ બાદ હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર -૨૨, રૂલ-૩ ની જોગવાઈ અન્વયે ઓટોમેટીક એબેટ થયેલ ગણાય. ત્યારબાદ એટલે કે તા.૦૫/૦૧/૨૦૨૧ બાદ વાદી તરફે સદરહુ એબેટમેન્ટ સેટેસાઈડ કરવા માટે લીમીટેશન એકટના આર્ટીકલ-૧૨૧ ની જોગવાઈ અન્વયે ૬૦ દિવસની સમય મર્યાદામાં અદાલતમાં હાજર રહી અબેટમેન્ટ સેટઅસાઈટ કાર્યવાહી કરેલ નથી. તે સીવાય પણ આજદિન સુધી વાદીનાં વારસો અદાલતમાં હાજર રહી ઉપરોકત નોંધ્યા મુજબની કોઈપણ કાર્યવાહી કરેલ ન હોય, આ હકિકતો ધ્યાને લેતાં પ્રતિવાદીની હાલની અરજી નહી માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી, તેનો ઈન્કાર કરવાનું કોઈ કારણ જણાય આવતુ નથી અને આ અરજી રદ કરવાનુ પણ કોઈ કારણ જણાય આવતુ નથી. જેથી આ તમામ હકિકતો નજર સમક્ષ રાખી પ્રતિવાદીઓની હાલની અરજી અન્વયે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

(૧) પ્રતિવાદીની હાલની અરજી સી.પી.સી. ઓર્ડર -૨૨, રૂલ-૩ ની જોગવાઈ ધ્યાને રાખી મંજુર કરવામાં આવે છે.

(૨) વાદીનો હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર-૨૨, રૂલ-૩ ની જોગવાઈ અન્વયે ઓટોમેટીક એબેટ થયેલ જાહેર કરી, હાલનો દાવો એબેટથી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ :- ૨૧ મી, માહે-ઓકટોબર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૧૦/૨૦૨૨
રાજકોટ

**(રાજા રણછોડભાઈ પટેલ)**
GJ-00922
છઠ્ઠા અધિક સીનીયર સીવીલ જજ,
રાજકોટ